## ડાયરેક્ટ ❤ સે

ભીતર શૂન્ય
બાહર શૂન્ય
શૂન્ય ચારોં ઓર હૈ
મૈં મહીં હું મુઝમેં
ફિર ભી
મૈં... મૈં કા હી શોર હૈ

## જન્મદિને વધામણી



મહેન્દ્રભાઈ એસ રાઠોડ
કારોબારી સભ્ય,
ગાંધીનગર સાહિત્ય સભા અને
સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ
મો. ૯૮૯૮૦ ૬૭૮૧૩



ક્રિષ્ના અશ્વિનભાઈ જાટિયા
મો. ૯૮૨૪૬૩૯૩૭૫

## આર જી પટેલ સ્કૂલ ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયાનો પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા. ૮

રાજ્ય સરકારના આદેશ મુજબ મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે સેક્ટર-૧૬ મહિલા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેક્ટર મીનાક્ષીબેન અને કોન્સ્ટેબલ ફૂલમતીબેનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આચાર્ય સુધાબેન પટેલ દ્વારા બંને અતિથિઓના સ્વાગત બાદ મીનાક્ષીબેને વિદ્યાર્થીનીઓને આરોગ્ય જાગૃતિ, શિસ્ત, સ્વબચાવ, પોલીસ સ્ટેશનનો ઉપયોગ, શોષણ સામે કઈ રીતે રક્ષણ મેળવવું વગેરે બાબતો અંગે સવિસ્તાર માહિતી આપી હતી. કામીનીબેન મહંતે સ્કૂલમાં ચાલતી વિદ્યાર્થી સુરક્ષા સમિતિ અંગે માહિતી પૂરી પાડી અને અંતમાં સુપરવાઈઝર હંસાબેન પટેલ દ્વારા આભારવિધિ કરાઈ હતી.

વિદ્યાર્થીનીઓએ આ કાર્યક્રમમાં પૂરતો રસ દાખવી વિવિધ પ્રશ્નો અતિથિઓને પૂછી માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રશ્મિબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત

# પત્રકારત્વ વિભાગનું પરિણામ જાહેર



## ત્રણ વિદ્યાર્થીઓએ ડિસ્ટીંક્શન અને ૧૦ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ ક્લાસ મેળવ્યો

ગાંધીનગર, તા. ૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વ વિભાગનું પરિણામ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં ત્રણ વિદ્યાર્થીઓએ ડિસ્ટીંક્શન પ્રાપ્ત કર્યું હતું.

પત્રકારત્વના અભ્યાસ સંયોજક મિતેષ મોદીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું હતું કે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વના અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાનું પરિણામ જુલાઈ માસના અંત ભાગમાં જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામોમાં ત્રણ વિદ્યાર્થીઓએ ડિસ્ટીંક્શન અને દસ વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ગ પ્રાપ્ત કર્યો હતો. સુરેશકુમાર કરમસીભાઈ પટેલે સર્વ વિદ્યાર્થીઓમાં પ્રથમ સ્થાન (૭૫ ટકા માર્ક્સ) પ્રાપ્ત કર્યું હતું, જ્યારે દ્વિતિય સ્થાન ઉપેન્દ્ર મણિલાલ પટેલ અને ગાયત્રી કનુભાઈ પંચાલ (૭૦ ટકા માર્ક્સ)ને પ્રાપ્ત થયું હતું.

પત્રકારત્વ વિભાગના માર્ગદર્શક કૃષ્ણકાન્ત જહા દ્વારા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ પરિણામની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને ઉજ્જવળ પરિણામ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ભાવિ જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓએ પણ પોતાનાં પરિણામો પ્રત્યે સંતોષ વ્યક્ત કરી પત્રકારત્વના ઉચ્ચ કક્ષાના અભ્યાસ બદલ વિભાગ તથા સર્વ અધ્યાપકો પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

ઉલ્લેખનીય છે કે વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વ અભ્યાસક્રમની નવી બૅચનો પ્રારંભ ગુરુવારથી થઈ ચૂક્યો છે અને આ કોર્સમાં મર્યાદિત સંખ્યામાં પ્રવેશની તક હજુ ઉપલબ્ધ છે. જે વિદ્યાર્થીઓ આ કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેમણે સત્વરે અભ્યાસ સંયોજક મિતેષ મોદી (૮૪૦૧૮ ૬૩૨૨૯)નો સંપર્ક કરવાનો રહેશે.

# શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે ઝોન લેવલનો કલા મહાકુંભ યોજાયો



## શાળા, કૉલેજ અને ઓપન વિભાગના સ્પર્ધકો માટે લોકનૃત્ય, રાસ-ગરબા, સમૂહગીત, ગાયન અને શાસ્ત્રીય નૃત્ય જેવી સ્પર્ધાઓ યોજાઈ

રાજ્ય સરકારના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત કલા મહાકુંભ અંતર્ગત ઝોન લેવલની સ્પર્ધાઓનું આયોજન શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે કરવામાં આવ્યું હતું. લોકનૃત્ય, રાસ-ગરબા, સમૂહગીત, ગાયન અને શાસ્ત્રીય નૃત્ય જેવી સ્પર્ધાઓ અહીં યોજવામાં આવી હતી. શાળા, કૉલેજ અને ઓપન કૅટેગરીના સ્પર્ધકો માટે આયોજિત આ સ્પર્ધાઓમાં બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાની શરૂઆત શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, કૅમ્પસ ડિરેક્ટર યશવંતભાઈ ચૌધરી, કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન કાર્યક્રમ સંયોજક પ્રા. વિનુભાઈ ચૌધરી અને ડૉ. લીના સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું હતું.



અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ સંચાલિત નારી સંરક્ષણ ગૃહ 'માતૃછાયા', સૅક્ટર-૧૨ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા રક્ષાબંધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સૅક્ટર-૨ સેવા કેન્દ્રના ભાવનાદીદી અને તપસ્વીનીદીદીએ સંસ્થાની બહેનોને રક્ષાનું બંધન કર્યું હતું અને તેમનાં ક્ષેમકુશળ પ્રાર્થ્યાં હતાં. આ પ્રસંગે સમગ્ર સ્ટાફ તેમજ સંસ્થાનાં પ્રમુખ શર્મિષ્ટાબેન દવે કમિટી મેમ્બર પલ્લવીબેન ગુપ્તે, મંદાબેન ધોળકિયા, પ્રતીમાબેન શાહ, મંજુલાબેન ભલગામી, વૈશાલીબેન જોષી, દક્ષાબેન સોલંકી ઉપસ્થિત રહ્યાં હતાં.

# શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના તેજસ્વી તારલાઓ માટે વિદ્યાપુરસ્કાર સમારોહ

ગાંધીનગર, તા. ૪

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ અને શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સમાજના સભ્ય પરિવારના તેજસ્વી તારલાઓને નવાજવા માટે ૨૯મા વિદ્યાપુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

સેવા સમાજના પ્રમુખ કુંવરજીભાઈ પટેલ અને મિત્ર મંડળના પ્રમુખ રમેશભાઈ દેસાઈએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે તા. ૬ ઑગષ્ટ ને રવિવારના રોજ સવારે ૯થી ૧૨ કલાક દરમિયાન આયોજિત આ સમારોહના અધ્યક્ષ તરીકે જળ અને ગીર ગાય ક્રાંતિના પ્રણેતા મનસુખભાઈ સુવાગિયા, અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગ, ગાંધીનગરના નિયામક અમૃતભાઈ પી પટેલ, નર્મદા, જળ સંપત્તિ અને પાણી પૂરવઠા વિભાગ, ગાંધીનગરના મુખ્ય ઈજનેર અને અધિક સચિવ એ ડી કાનાણી, યુપીએસસી ઉત્તીર્ણ ઉમેદવાર ડૉ. તોરલ પ્રવીણભાઈ પાનસુરીયા, ડૉ. સંદીપ ઍમ મોરડીયા, નીટમાં અમદાવાદમાં પ્રથમ વિદ્યાર્થી યશ્વી દિલીપભાઈ પેથાણી ઉપસ્થિત રહેશે.

અંગ્રેજીના અધ્યાપક અને મોટીવેશનલ સ્પીકર ડૉ. જયેશ માંડણકા આ પ્રસંગે પ્રેરણાત્મક વક્તવ્ય આપશે.

# પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે કાઉન્સેલિંગ કમિટી દ્વારા વ્યાખ્યાનનું આયોજન

ગાંધીનગર, તા. ૪

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે કાઉન્સેલિંગ કમિટી દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રૉ. નીતિનભાઈ ત્રિવેદી આ વ્યાખ્યાનના મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓનાં જીવનમાં સાત સફળતાનાં સાત પગલાં અંગે વિગતે માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને નિર્ણય, કઠોર પરિશ્રમ, એકાગ્રતા, આત્મવિશ્વાસ, સારું સ્વાસ્થ્ય, યોગ, સમયનું આયોજન જેવા મુદ્દા પરત્વે ખાસ ધ્યાન આપવાની તાકીદ કરી હતી.

આ વ્યાખ્યાન કાઉન્સેલિંગ કમિટીનાં સંયોજક ડૉ. સજ્જનબેન ચૌધરીના આયોજનમાં યોજાયું હતું. સમગ્ર સ્ટાફ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો. ૩૦૦થી વધુ વિદ્યાર્થીનીઓએ આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શનમાં સમગ્ર કાર્યક્રમ સફળતાને વર્યો હતો.

# કલોલની કૉમર્સ કૉલેજમાં પર્યાવરણ જાગૃતિ શિબિર

ગાંધીનગર, તા. ૪

કલોલમાં કૉમર્સ કૉલેજમાં ઈકો સિસ્ટમના સંવર્ધન અને પર્યાવરણ અંગે જનજાગૃતિ કેળવાય તે માટે એક વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના શારીરિક શિક્ષણ વિભાગ અને ગ્રીન પ્લેનેટ આંતરરાષ્ટ્રીય સંસ્થાના સહયોગથી આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. સ્થાનિક કક્ષાએ પ્લાસ્ટિકનો વપરાશ ઘટે, પ્રદૂષણનું પ્રમાણ નિયંત્રિત રહે, વૃક્ષોનું વાવેતર વધે તે માટે વિદ્યાર્થીઓને વિગતે સમજ આપવામાં આવી હતી અને આ માટે ગ્રીન યુથ ક્લબની સ્થાપના પણ કરવામાં આવી હતી. ગ્રીન પ્લેનેટ સંસ્થાના અહેમદ પઠાણ, આચાર્ય ડૉ. શંકરસિંહ રાણા તથા સ્ટાફ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમ સંચાલન સ્પોટ્ર્સ ડિરેક્ટર ડૉ. બીમલ જોષીએ કર્યું હતું.

# એસ. જી. અને એસ. વી. પ્રાથમિક શાળામાં પ્રતિભાશોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું





સર્વ વિદ્યાલય કેળવમી મંડળ સંચાલિત એસ.જી. અને એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શુક્રવારના રોજ ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિ જાગૃત થાય તે હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓએ ડાન્સ, સ્ટંટ, ગીત, અભિનય, વાર્તા વગેરે જેવાં પોતાનાં કૌશલ્યો પ્રદર્શિત કર્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક દ્વારા દરેક ધોરણમાંથી ત્રણ વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આ અનોખી સ્પર્ધામાં ભાગ લીધો હતો.

# રાંધેજાની રંગતાલ પ્રિ સ્કૂલ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૪

નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા આયોજિત સ્વચ્છતા પખવાડિયાના અનુસંધાને શુક્રવારે રંગતાલ પ્રિ સ્કૂલ, રાંધેજા ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નર્સરી, જુનિયર કેજી, સિનિયર કેજી (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)નાં ૧૬ જેટલાં બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત' વિષયે આયોજિત આ ચિત્ર સ્પર્ધાનું આયોજન, સંચાલન નહેરુ યુવા કેન્દ્ર કાર્યકર અંજલિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિજેતા તરીકે અનુક્રમે પિનલ ઘનશ્યામભાઈ દેસાઈ, ફેનિલ કેતનકુમાર પટેલ અને અંકિતા વિજયભાઈ વાઘેલાના નામની જાહેરાત કરવામાં આવી હતી. પ્રિ સ્કૂલના સંચાલક મિલન પટેલે વિજેતા અને ભાગ લેનારા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



## ડેઈલી કરંટ

દર્શન મારૂ

95862 87447

(૧) કેન્દ્ર સરકારે ઉત્તર-પૂર્વમાં પૂર રાહત માટે કેટલા કરોડનું રાહત પૅકેજ જાહેર કર્યું છે?
(એ) ૨૩૫૦ કરોડ
(બી) ૨૩૫૧ કરોડ
(૩) ૨૩૫૨ કરોડ
(૪) ૨૩૫૩ કરોડ

(૨) કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયે સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૭ અંતર્ગત સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કયું ગીત રજૂ કર્યું છે ?
(એ) સ્વચ્છતા જીવન સંગિની
(બી) સ્વચ્છતા હે અપની
(૩) સ્વચ્છતા કી જ્યોત જગી
(૪) સ્વચ્છતા ભારતનું જીવન

(૩) નીતિ આયોગના ઉપાધ્યક્ષ પદેથી તાજેતરમાં કોણે પોતાનું રાજીનામું આપી દીધું છે ?
(એ) અરવિંદ સુબ્રહ્મણ્યમ
(બી) અરવિંદ કેલકર
(૩) અરવિંદ વિરાજની
(૪) અરવિંદ પનગઢિયા

(૪) તાજેતરમાં ભારતી રિઝર્વ બૅન્કે કઈ બૅન્કને રૂા. ૩ કરોડનો દંડ ફટકાર્યો છે ?
(એ) એસબીઆઈ
(બી) યુનિયન બૅન્ક
(૩) બીઓબી
(૪) નેશનલ બૅન્ક

(૫) ભારતેતાજેતરમાં કયા દેશ સાથે ૪૮ ઈએમઆઈ ૧૭ મિલિટ્રી હૅલિકોપ્ટર ખરીદવા કોન્ટ્રાક્ટ કર્યો છે?
(એ) રશિયા
(બી) ચીન
(૩) જાપાન
(૪) અમેરિકા

(૬) ભારતની સુપ્રિમ કોર્ટે ફટાકડામાં ઉપયોગી કુલ કેટલી ધાતુ પર પ્રતિબંધ લગાવ્યો છે ?
(એ) ત્રણ
(બી) ચાર
(૩) પાંચ
(૪) છ

(૭) ડીઆરડીઓએ ભારતમાં પ્રથમ માનવરહિત કયું ટેન્ક તૈયાર કર્યું છે ?
(એ) મૈત્રી
(બી) મંત્રા
(૩) માનસી
(૪) મૈનવી

(૮) કયા રાજ્યની કેબિનેટે ધર્માંતરણ વિધેયક ૨૦૧૭ને મંજૂરી આપી છે?
(એ) બિહાર
(બી) રાજસ્થાન
(૩) ગુજરાત
(૪) ઝારખંડ

(૯) રિલાયન્સ કમ્યુનિકેશનને કઈ કંપની સાથે વિલયની જાહેરાત કરાઈ છે ?
(એ) સિસ્તેસા
(બી) સિમેસ્તા
(૩) સિમોન
(૪) સેગમ

(૧૦) ૨૦૧૭માં કયા રાજ્યની સરકારે રાજ્યમાં ધોરણ-૮માં બૉર્ડ પરીક્ષા લાગુ કરવાની જાહેરાત કરી છે ?
(એ) બિહાર
(બી) તામિલનાડુ
(૩) કેરલ
(૪) ઝારખંડ